# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
# ઘન કચરા વ્યવસ્થાપન

**મ્યુનિસિપલ સેન્ટ્રલ વર્કશોપ કમ્પાઉન્ડ,**
**સહકારી લાટી બજાર સામે,**
**જગન્નાથજી રોડ, અમદાવાદ-૩૮૦ ૦૨૨.**
**ટેલિફોન નં. ૦૭૯-૩૨૯૮૨૩૮૫ ફેક્સ નં. ૦૭૯-૨૫૩૨૧૪૮૪**
**ઈમેઈલ:** swm@egovamc.com

---

## અમદાવાદ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)નો ટૂંકો પરિચય

- દેશનું સાતમું મહાનગર અમદાવાદ - વિસ્તાર ૪૬૬ ચોરસ કિલોમીટર, વસ્તી - લગભગ ૬૦ લાખ.
- અમદાવાદ મહાનગરમાં વસ્તી કૂદકે ને ભૂસકે વધી રહી છે. સાથોસાથ બાંધકામ અને તથા ઔદ્યોગિક વિકાસ મોટા પ્રમાણમાં થઈ રહ્યો છે. અમદાવાદ શિક્ષણ, માહિતીની યંત્રવિદ્યા અને વૈજ્ઞાનિક ઉદ્યોગોનું વિકસતું કેન્દ્ર છે.
- મહાનગરનાં રહેવાસીઓને પાણી પુરવઠો, ગટર વ્યવસ્થા, ઘન કચરાનું વ્યવસ્થાપન, રસ્તાનું બાંધકામ, પરિવહન, સ્ટ્રીટ લાઈટ, તબીબી અને શૈક્ષણિક વ્યવસ્થાઓ જેવી મહત્ત્વની પાયાની સેવાઓ AMC આપે છે. આ બધી સેવાઓ શહેરના બધા નાગરિકોને અસરકારક રીતે મળે અને કાર્યક્ષમ વહીવટ ચાલે એ માટે AMC એ શહેરને ૬ વિભાગો અને ૬૪ વોર્ડમાં વિભાજીત કર્યું છે.

## અમદાવાદમાં ઘન કચરાનું વ્યવસ્થાપન :

- ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય (MoEF) એ ૨૫ મી સપ્ટેમ્બર, ૨૦૦૦ની જાહેરાત દ્વારા દેશના નાના અને મોટા નગરોની મ્યુનિસિપાલિટીઓને ૧૯૮૬ ના પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ મુજબ ઘન કચરાની વ્યવસ્થા કરવા જણાવ્યું. આ નિયમો 'મ્યુનિસિપલ ઘન કચરાની વ્યવસ્થા - ૨૦૦૦' તરીકે ઓળખાય છે.

ઉત્પાદન → એકત્રીકરણ → પરિવહન → પ્રક્રિયા/માવજત → નિકાલ

- અમદાવાદ મહાનગરમાં દરરોજ ૩૧૦૦ મેટ્રીક ટન ઘન કચરો ઉત્પન્ન થાય છે આ ઘન કચરાનું એકત્રીકરણ, વહન, તેના પરની પ્રક્રિયા/માવજત અને તેના નિકાલની વ્યવસ્થા નક્કી કરેલા નિયમો મુજબ કરવામાં આવે છે.

**ઉત્પાદન** → એકત્રીકરણણ → પરિવહન → પ્રક્રિયા/માવજત → નિકાલ

- કુલ કચરાના લગભગ ૬૧ % જેટલો કચરો મહાનગરના સફાઈ કર્મચારીઓ દ્વારા શેરીઓની સફાઈ અને કોર્પોરેશન દ્વારા પૂરા પડાયેલા કચરો ભેગો કરવાના ધાતુના મોટા ડબ્બાઓમાં એકત્ર કરવામાં આવે છે. શેરીઓની સફાઈ વર્ષના બધાજ ૩૬૫ દિવસ એટલે કે રોજેરોજ કરવામાં આવે છે જે માટે ૧૧,૦૦૦ કરતાં વધુ કર્મચારીઓ દ્વારા સવારના ૬.૩૦ થી ૧૧.૩૦ દરમિયાન અને બપોરના ૩.૦૦ થી ૬.૦૦ દરમિયાન રસ્તાઓની સાફસૂફી ચાલે છે.

ઉત્પાદન → **એકત્રીકરણણ** → પરિવહન → પ્રક્રિયા/માવજત → નિકાલ

- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને નાગરિકોના રહેઠાણોના બારણેથી કે દરવાજેથી જ ઘન કચરો ઉપાડી લેવાના નવા વિચારનો અમલ જુલાઈ-૨૦૦૯ થી શરૂ કર્યો. આને માટે હાઈડ્રોલીક યુરો-૩ પ્રકારના બંધ વાહનોનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સફાઈ કામદારો સવારના નિશ્ચિત કરેલા સમયગાળામાં નાગરિકોના રહેઠાણોના બારણેથી કે દરવાજેથી જ ઘન કચરો ઉપાડી લે અને બપોર પછી વ્યાવસાયિક વિસ્તારોમાંથી કચરો એકત્ર કરી હાઈડ્રોલીક યુરો-૩ પ્રકારના બંધ વાહનોમાં એકઠો કરે.
- દરેક વોર્ડમાંથી ભેગા થયેલા કચરાને ત્યારબાદ રેફ્યુઝ કોમ્પેક્ટર દ્વારા પ્રક્રિયાના સ્થળે લઈ જવામાં આવે. આ કામ રોજેરોજ બધાં રહેણાંકના વ્યાપારી વિસ્તારમાં સફળતાપૂર્વક ચાલે છે. કચરો ભેગો કરવાની શરૂઆત સવારના ૭ વાગ્યાથી થાય એ માટે ૬૦૦ વાહનો વપરાય છે. હાલમાં આ રીતે ૧૨૦૦ મેટ્રીક ટન કચરો ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી પહોંચાડવામાં આવે છે.
- આ કચરો એકત્ર કરવા માટે ૧૧૦૦ જગ્યાઓ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને ફાળવી છે. કચરો એકત્ર કરવા માટે ૭૨૫ લોખંડના મોટા ડબ્બાઓ ૬૦૦ કેન્દ્રોને ફાળવી આપેલ છે.

ઉત્પાદન → એકત્રીકરણણ → **પરિવહન** → પ્રક્રિયા/માવજત → નિકાલ

- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને આ જે યાંત્રિક પરિવહનની પદ્ધતિ વિકસાવી છે તે ઘનકચરાને એકજ વખતમાં એને સ્થાને પહોંચાડી દે છે. ઉપરાંત કચરાનું પરિવહન સમયસર અને વ્યવસ્થિત થાય અને એના એકત્રીકરણનાં સ્થળેથી પ્રક્રિયાનાં સ્થળ સુધી પહોંચાડવાનું કામ પણ કોન્ટ્રાક્ટ પર આપી દીધું છે.
- મહાનગરની ગલીઓ રોજેરોજ વ્યવસ્થિત વળાય અને સાફ રહે તે માટે છ એ છ વિભાગોમાં ૪૪ ટીપર ટ્રક્સ,૫ કોમ્પેક્ટર્સ, ૪ માંસ લઈ જવાનાં વાહનો, ૪ નુઈસન્સ ટેન્કર, ૧ મોબાઈલ કોર્ટ, ૪૬ ટ્રેક્ટર્સ, ૧૨ સ્કીપ લીફ્ટર્સ, ૩૦ ડમ્પર્સ પ્લેસર્સ, ૧૦ રસ્તા વાળવા, કચરો ખેંચવાના વેક્યુમ સ્વીપર્સ અને બીજા કેટલાંય ભાડે રાખેલા વાહનો વપરાય છે.
- ૨૦૧૦-૧૧ દરમિયાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને ૯, ૪૮, ૩૯૦ મેટ્રીક ટન કચરો ભેગો કરી એની ટ્રીટમેન્ટ કરી નિકાલ કર્યો હતો અને ૨૦૧૧ની એપ્રિલથી જાન્યુ-૨૦૧૨ સુધીમાં ૯, ૧૫, ૦૯૫ મેટ્રીક ટન કચરાનો નિકાલ લાવી શક્યું છે.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને ૫ મ્યુનિસિપલ હોસ્પિટલ, બીજા સંદર્ભોથી સેવા આપતી હોસ્પિટલો, ૫૯ શહેરી આરોગ્ય કેન્દ્રોમાંથી બાયો મેડિકલ કચરો ભેગો કરી એને કચરો બાળવાના ઈન્સીનરેશન કેન્દ્ર સુધી લઈ આવવાનો પણ રોજીંદો કોન્ટ્રેક્ટ આપેલો છે. આ કોન્ટ્રેક્ટ પ્રદુષણ રોકવા માટેનાં સરકારી નિગમ GPCB માન્ય અને અધિકૃત કોન્ટ્રેક્ટરોને આપવામાં આવે છે. (સેમ્બ રેન્કી એનવાર્યમેન્ટલ મેનેજમેન્ટ પ્રા.લિ. અને બાયોમેડિકલ વેસ્ટ મેનેજમેન્ટ પ્રા.લિ.)
- મરેલાં જાનવરો અને એમના હાડકાં-ફેફસાં એકત્ર કરી ઘન કચરાનાં વ્યવસ્થા વિભાગનાં પાઈલ ડિપો ઓફીસ દ્વારા ગ્યાસપુર લઈ જવામાં આવે છે. આ કામ પણ રોજેરોજ સવારનાં ૭ થી રાતનાં ૧૧ સુધી ચાલુ હોય છે. (ટેલિફોન નં. ૦૭૯ – ૩૨૯૮૪૧૫૨, ૦૭૯ - ૨૫૩૫૨૯૧૧)
- શહેરી હોટલો અને રેસ્ટોરન્ટોના રસોડાનો કચરો ભેગો કરી એને કમ્પોસ્ટ પ્લાન્ટ સુધી લઈ જવાનું કામ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને બે સંસ્થાઓને આપેલું છે. એક્સેલ ઈન્ડસ્ટ્રીઝ લિમીટેડ એ સંસ્થા અત્યારે આ કામ માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ભાગીદાર છે. એ રીતે ૧૦૦૦ થી વધુ જગ્યાઓને આ સેવાઓ મળે છે.

ઉત્પાદન → એકત્રીકરણ → **પરિવહન** → પ્રક્રિયા/માવજત → નિકાલ

- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને ૧૯૯૭ માં એક્સેલ ઈન્ડસ્ટ્રીઝ લિમીટેડ સંસ્થાને રોજનું ૫૦૦ ટન ઘન કચરાનું કમ્પોસ્ટ બનાવવા ૧૫ વર્ષ માટે એક કોન્ટ્રેક્ટ કર્યો છે. એ માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને ૧૦ હેક્ટર જમીન ૧૫ વર્ષ માટે આપેલી છે.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને એજ રીતે એ ૨૫૦ ટન કચરાને રોજેરોજના ધોરણે પ્રક્રિયા કરવા માટે UPL DJAI પાવર લિમીટેડ RDF/ પેલેટસ અને ફ્લફ બનાવવાની સમજૂતિ કરી છે. એમાંથી RDF નો ઉપયોગ કારખાનાઓમાં લાકડું, લિગ્નાઈટ, કોલસો અને ફરનેસ તેલને બદલે બોઈલરમાં બળતણ તરીકે વાપરવામાં કરી શકાશે.
- જાપાનની ક્રિએટીવ કંપની સાથે ૨૦૦૯ નાં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમીટમાં એવી સમજૂતિ કરી છે કે, રોજ ૮૦૦ ટન કચરાની પ્રક્રિયા થઈ શકે. એટલે કે બધાં નકામા કચરાનું RPPWF (રેફ્યુઝ, કાગળ, પ્લાસ્ટિક, લાકડું અને બળતણ)માં રૂપાંતર કરવામાં આવે જે કારખાનાઓમાં લાકડું, લિગ્નાઈટ, કોલસો, ફર્નેસતેલને બદલે બોઈલરોમાં બળતણ તરીકે વાપરી શકાય છે. આ પ્લાન્ટને ક્રિએટીવ કંપની ટૂંક સમયમાં જ ચાલુ કરી દેશે.
- એ જ રીતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને દરરોજને ધોરણે ૫૦૦ ટન કચરાની પ્રક્રિયા માટે હાંજેર બાયોટેક એનર્જી પ્રા.લિ. સાથે એક સમજૂતિ કરી છે, જે મુજબ એમાંથી કોમ્પોસ્ટ, બળતણ, RDF વગેરેનું ઉત્પાદન થઈ શકે. આ માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને ૫૦, ૦૦૦ ચોરસમીટર જમીન ૩૦ વર્ષ માટે એ કંપનીને આપી છે. એને ટૂંક સમયમાં જ ચાલુ કરવામાં આવશે.

ઉત્પાદન → એકત્રીકરણ → પરિવહન → **પ્રક્રિયા/માવજત** → નિકાલ

- ગ્યાસપુર નજીક અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને એક નવી વૈજ્ઞાનિક લેન્ડફીલ સાઈટ ૧૨.૮૮ હેક્ટરમાં બાંધી છે. જેની સાડા અગિયાર લાખ મિલિયન ટનની ક્ષમતા છે. ઘન કચરાની નિકાલ માટેના પ્લાન્ટમાંથી જે નકામો કચરો હોય તેમાંથી ૫૦૦ મેટ્રીક ટન જેટલો કચરો આવતાં ૬ વર્ષ સુધી રોજેરોજ ફેંકી શકાશે. એજ રીતે પછીના ૬ વર્ષ માટે પાંચ તબક્કાઓમાં ભવિષ્યના ઉપયોગ માટે ૬૮ હેક્ટર જમીન નક્કી કરી રાખી છે, આ જગ્યા ૨૦૦૯ માં બાંધીને ઉપયોગમાં લેવાઈ રહી છે.

## ઘન કચરાની વ્યવસ્થા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને લીધેલા અન્ય પગલાં :

- અમદાવાદનાં રહેવાસીઓમાં જાગૃતિ ફેલાવવા માહિતી, શિક્ષણ અને પ્રત્યાયન (IEC) ની પ્રવૃત્તિઓ.

  કચરાની માવજત અને નિકાલ માટે લોકોમાં જાગૃતિ ફેલાવવા AMC એ IEC ની પ્રવૃતિ શરૂ કરી છે. એ માટે જુદી જુદી સમિતિઓની રચના, વોર્ડોમાં જૂથ બેઠકો, ટૂંકી ફિલ્મો, ટેલિવિઝન કાર્યક્રમો, સ્થાનિક કેબલ નેટવર્ક દ્વારા માહિતી પ્રસારણ, અખબારોમાં જાહેરાતો, પેંમ્ફલેટનું વિતરણ, બેનરો બાંધવા, સિનેમા થિયેટરોમાં સ્લાઈડ્સ, શેરી નાટકો અને શાળા અને કોલેજોનાં વિદ્યાર્થીઓને લઈને રેલીનું આયોજન કરવામાં આવશે એમાં મહાનગરનાં સ્ટાફ અને કાઉન્સિલરોને માટે પ્રશિક્ષણ વર્ગો પણ યોજવામાં આવશે.

- સેનિટેશન મોબાઈલ કોર્ટ :

  ૨૦૦૯ ની ૪ થી જૂને શહેરમાં જ્યાં ત્યાં કચરો ફેંકતા લોકોમાં શિસ્ત આવે તે હેતુથી અને શહેરને સ્વચ્છ રાખવામાં મદદરૂપ બનવા દેશની સૌ પ્રથમ સેનિટેશન મોબાઈલ કોર્ટ શરૂ થઈ છે. ૧૭ મી જાન્યુઆરી સુધીમાં આ કોર્ટમાં ૭૪, ૬૫૭ કેસ નોંધવામાં આવ્યા હતાં અને એના કસૂરવારો પાસેથી દંડ પેટે ૧, ૬૮, ૦૦, ૦૦૦ રૂપિયા દંડ વસૂલવામાં આવ્યો.

## અમદાવાદ શહેરનો ૨૦૩૧ માં ઘન કચરાની વ્યવસ્થા માટેનો માસ્ટર પ્લાન :

- ૨૦૩૧ માં ઘન કચરાના નિકાલ માટેનો માસ્ટર પ્લાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને નક્કી કર્યો છે એમાં આ પ્રમાણે વિગતો હશે.

  માસ્ટર પ્લાનનો પરિચય - દેશવ્યાપી ઓવરવ્યુ, અમદાવાદ શહેરનો પરિચય - સાંપ્રત ઘન કચરાની વ્યવસ્થાની પદ્ધતિ, ઘન કચરાની વ્યવસ્થાની વિશિષ્ટતાઓ. અત્યારની પદ્ધતિની સમીક્ષા, અમદાવાદ માટેની તેની વ્યૂહરચના અને વિકલ્પો, કચરો ઓછો બને એ માટેની વ્યવસ્થા પદ્ધતિ, સંસ્થાઓનું સશક્તિકરણ અને તાલીમ, મૂડી રોકાણની વ્યવસ્થા, દેખરેખ અને મૂલ્યાંકનનું આયોજન.

- ટ્રાન્સફર સ્ટેશન (બાંધકામ ચાલુ) :

  શહેરનાં પાંચ વિભાગોમાં ૪૦૦ મેટ્રીક ટન ક્ષમતા ધરાવતા ૬ ટ્રાન્સફર સ્ટેશનો તૈયાર થશે. આ ટ્રાન્સફર સ્ટેશનમાં ૨ સ્થાવર કમ્પેક્ટર્સ અને ૧૦ કન્ટેઈનર્સ (જે ૧૦ થી ૧૨ મેટ્રીક ટન કચરાની હેરફેર કરી શકે) મૂકવામાં આવશે. આથી કુલ ૧૨ સ્થાવર કોમ્પેક્ટર્સ, ૬૦ કન્ટેઈનર્સ અને મોટા હુક લોડર વાહનો મૂકાશે. આવા ટ્રાન્સફર સ્ટેશનને લીધે પરિવહનોનો ખર્ચ, પ્રદુષણનો ઘટાડો અને વાહન વ્યવહારની સરળતામાં મદદ મળશે.

- ઉદ્યાન/લીલા કચરાનો સફળતાપૂર્વક ઉપયોગ :

  AMC એ ૨૦૧૧ ની ૨૯મી સપ્ટેમ્બરે લો-ગાર્ડન ખાતે એક પાઈલોટ પ્રોજેક્ટ શરૂ કર્યો એમાં ઉદ્યાનનો કચરો, હોટેલોનાં રસોડાનો કચરો અને એ પ્રકારનો બીજો ઘન કચરો એકત્ર કરી એમાંથી સેન્દ્રીય ખાતર તૈયાર કરવામાં આવશે. જેમાં એક્સેલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ઓર્ગેનિક વેસ્ટ કન્વર્ટર મશીન દ્વારા ઉપયોગમાં લેવાશે અને ગુજરાત કન્ઝ્યુમર ઈન્ડસ્ટ્રીઝ PPP પદ્ધતિએ મદદ આપશે. આ કેન્દ્રમાં નાગરિકો પણ પોતાની સેવા આપી શકે એનું ૩૦% જેટલું ખાતર નાગરિકોને આપવામાં આવશે. આ માટે એક વિજાણું તોલમાપનો ઉપયોગ થશે. આ ખાતર ૯૦૦ ગ્રામની, જમીનમાં ભળી જાય એવી કમ્પોસ્ટેબલ લીલી બેગમાં આપવામાં આવશે. સવારે ૮ થી ૧૦ અને બપોરે ૪ થી ૬ વચ્ચે સભ્યો એ મેળવી શકશે.

- કચરામાંથી સંપતિનું સર્જન (wow) :

  કચરો જ્યાં ઉત્પન થાય છે, ત્યાં નાગરિકો પોતે જ એમાંથી રીસાયકલ કરી શકાય તેવા ઘન કચરાને જુદો પાડી આપે તેવો આ પગલાનો ઉદ્દેશ છે.

  ઘરોઘરથી કચરો, ફરી વાપરી શકાય તેવા કાગળ, પ્લાસ્ટિક્સ, ફેરસ અને નોન-ફેરસ ધાતુ નુકશાનકારક ન હોય તેવો કાચ વગેરે ભેગા કરવામાં આવશે અને એનાં વળતરરૂપે લોકોને આવક થશે.